ભ્રષ્ટાચાર આચરવામાં આવતા ઇલેક્ટ્રીક યોજનાને જાણે કરંટ લાગી ગયો

# ડાંગ જિલ્લામાં કરોડોની ઈ-રીક્ષાની યોજના ધૂળમાં!

## ‘સ્વચ્છતા મિશન’ કાગળ પર

**મેન્ટેન્સ** વિના ગ્રુપ ગ્રામ પંચાયતો લાચાર, ‘સ્વચ્છતા’ના નામે સરકારી નાણાની ઉઘાડી બરબાદી

**મોટા** ભાગની ગ્રામ પંચાયતો પાસે સ્વભંડોળનો અભાવ હોવાથી ઈ-રીક્ષાનું મેન્ટેન્સ શક્ય નથી

**અમુક** સ્થળોએ ઈ-રીક્ષાઓ બગડી જઈને ભંગાર સમાન હાલતમાં ફેરવાઈ ગઈ


ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાની ડુંગરાળ અને અંતરિયાળ ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) દ્વારા ગ્રામ પંચાયતોમાં કચરો સંકલન માટે કરોડો રૂપિયાના ખર્ચે ઈ-રીક્ષાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. પરંતુ યોજના શરૂ થયા થોડા સમય બાદ જ આ ‘સ્વચ્છતા મિશન’ કાગળ પર જ પૂરું થઈ ગયું હોવાનું ચિત્ર સામે આવી રહ્યુ છે. ડાંગ જિલ્લાનાં ગ્રામ વિકાસ વિભાગનાં નિયામક એસ. ડી.તાબીયાર દ્વારા ઈ-રિક્ષાની ખરીદીમાં ભય વગરનો ભ્રષ્ટાચાર આચરવામાં આવતા આ ઈલેકટ્રીક યોજનાંને જાણે કરંટ લાગી ગયો હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ડાંગ જિલ્લાના મોટા ભાગના ગ્રામ પંચાયતો પાસે સ્વભંડોળનો અભાવ હોવાને કારણે ઈ-રીક્ષાનું નિયમિત મેન્ટેન્સ શક્ય બન્યું નથી. પરિણામે અનેક ગામોમાં લાખો રૂપિયાનું સાધન અણવપરાયેલી હાલતમાં ધૂળ ખાતું જોવા મળી રહ્યું છે. તો કેટલાક સ્થળોએ તો ઈ-રીક્ષાઓ બગડી જઈને ભંગાર સમાન હાલતમાં ફેરવાઈ ગઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ચોંકાવનારી બાબત એ છે કે યોજના બનાવતી વખતે ગ્રામ પંચાયતોની આર્થિક ક્ષમતા, મેન્ટેન્સ ખર્ચ, ડ્રાઈવર વ્યવસ્થા કે બેટરી બદલવાની કોઈ સ્પષ્ટ યોજના જ બનાવવામાં આવી નહોતી. પરિણામે “સ્વચ્છ ભારત”ના સૂત્ર હેઠળ ફાળવાયેલા કરોડો રૂપિયા જમીન પર નહીં પરંતુ અધિકારીઓના ફાઈલોમાં જ વિકાસ બતાવી ગયા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, ઈ-રીક્ષા વિતરણ માત્ર ફોટોસેશન અને રિપોર્ટ પૂરતું જ રહ્યું, ત્યારબાદ તેની કોઈ દેખરેખ રાખવામાં આવી નથી. જો સાચે જ કચરો સંકલન માટે ઈચ્છા હોત તો પંચાયતોને મેન્ટેન્સ માટે અલગ ફંડ, ટેક્નિકલ સહાય અને જવાબદારી નક્કી કરવી જરૂરી હતી.

### જવાબદારો સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ

હાલ સ્થિતિ એવી છે કે, કરોડોની યોજના નિષ્ફળ સાબિત થતાં ન સ્વચ્છતા સુધરી, ન પંચાયતો સશક્ત બની, અને સરકારના નાણાં બિનઉપયોગી બની ગયા છે. આ સમગ્ર મામલે જવાબદાર અધિકારીઓ સામે ઉચ્ચ તપાસ થાય અને યોજના અમલમાં થયેલી ખામીઓ જાહેર થાય અને જવાબદારો સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી રહી છે. ડાંગ જેવા પછાત અને આદિવાસી વિસ્તારમાં વિકાસના નામે જો આવી યોજનાઓ માત્ર કાગળ પર જ અમલમાં આવે તો સરકારના વિશ્વાસ પર પણ પ્રશ્નચિહ્ન ઊભું થાય તે નિશ્ચિત છે. ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં જ સુરેન્દ્રનગર નગરનાં જિલ્લા કલેક્ટર સામે ઈડીની તપાસનાં ધમધમાટ ઉઠ્યા છે. ત્યારે વર્ષોથી પડ્યા પાથર્યા અને ભ્રષ્ટાચારમાં ગળાડૂબ ગ્રામ વિકાસ એજન્સીનાં નિયામક એસ.ડી.તબિયાર સામે કડક પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# ચોરીના 27 ગુનામાં સંડોવાયેલા રીઢા ચોર સહિત ત્રણ ઝડપાયા

**રૂપિયા** 6,500ના લોખંડના સળિયા સાથે LCB નવસારીની મોટી કાર્યવાહી

**આરોપીઓ** મજૂરી કામ કરતા હોવાથી રાત્રે બાંધકામ સાઇટ પરથી લોખંડના સળિયા ચોરી કરતા હતા




નવસારી : અગાઉ 27 ચોરીના ગુનામાં સંડોવાયેલા એક રીઢા ચોર સહિત કુલ ત્રણ ઇસમોને ચોરીના લોખંડના સળિયા સાથે ઝડપી પાડવામાં નવસારી એલસીબી ની ટીમને સફળતા મળી છે.

સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર વી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ નવસારી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે નવસારી દશેરા ટેકરી સરકારી વસાહત પાસે કાર્યવાહી કરી ત્રણ શખ્સોને કબ્જામાં લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન તેમના કબજામાંથી બિલ-પુરાવા વગરના લોખંડના સળિયા ભરેલા કુલ 9 પ્લાસ્ટિકના થેલાં મળી આવ્યા હતા, જેનું કુલ વજન 130 કિલોગ્રામ અને અંદાજિત કિંમત રૂપિયા 6,500 થાય છે.

પુછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેમણે નવસારી લુન્સીકૂઈ ગ્રાઉન્ડ સામે આવેલી પુષ્પક સોસાયટીમાં ચાલી રહેલા નવા મકાનના બાંધકામ સાઇટ પરથી લોખંડના સળિયા ચોરી કર્યા હતા. પકડાયેલા આરોપીઓમાં પ્રકાશ નાગજીભાઈ પટેલ (રહે. ગોલવાડ, નવસારી), પ્રહલાદ નટવરભાઈ દંતાણી (રહે. શહીદચોક, નવસારી) તથા કમલેશ વીરજીભાઈ દેવીપુજક (રહે. શહીદચોક, નવસારી)નો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે આ આરોપીઓ મજૂરી કામ કરતા હોવાથી રાત્રિના સમયે બાંધકામ સાઇટ પરથી લોખંડના સળિયા ચોરી કરીને આર્થિક લાભ મેળવતા હતા. ખાસ કરીને પ્રહલાદ દંતાણી સામે અગાઉ વિવિધ પોલીસ સ્ટેશનોમાં કુલ 27 ગુનાઓ નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે.

એલ.સી.બી. નવસારી દ્વારા લોખંડના સળિયાનો જથ્થો કબ્જે કરી આરોપીઓને નવસારી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી જિલ્લામાં ચોરીના ગુનાઓ પર અંકુશ લાવવાની દિશામાં પોલીસને મહત્વપૂર્ણ સફળતા મળી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

## સાપુતારાના વિન્ટર ફેસ્ટિવલમાં ડ્રોન લાઈટ શોએ મચાવી ધૂમ





ગિરીશ ભોયે

■ સાપુતારા : સાપુતારામાં વિન્ટર ફેસ્ટિવલના આકર્ષણનું કેન્દ્ર બનેલા ભવ્ય ડ્રોન લાઈટ શોએ પ્રવાસીઓનું દિલ જીતી લીધું હતુ. રાત્રિના આકાશમાં ઝગમગતા સૈંકડો ડ્રોન દ્વારા રચાયેલા આકાશી દ્રશ્યોએ સાપુતારાની ઓળખને નવી ઊંચાઈ આપી હતી. વિન્ટર ફેસ્ટિવલ 2025 ડ્રોન લાઈટ શોમાં સાપુતારાની લોકપ્રિય પેરાગ્લાઇડિંગ એક્ટિવિટી, ગિરિમથકની પ્રાકૃતિક સુંદરતા તથા ‘સાપુતારા’ નામને સંકેત આપતો સાપનો આકાર દર્શાવવામાં આવતા ઉપસ્થિત પ્રવાસીઓ રોમાંચિત થઈ ઉઠ્યા હતા. આકાશમાં જીવંત લાગતા આ આકારોને જોઈ પ્રવાસીઓ મોબાઇલ અને કેમેરામાં દ્રશ્યો કેદ કરતા નજરે પડ્યા હતા.

# નવસારીના વોર્ડ નં. 13ની ડ્રેનેજ સમસ્યાનો અંત

**નિરીક્ષણ** દરમિયાન તાત્કાલિક કાર્યવાહી કરવાની ખાતરી આપતા લોકોને રાહત મળશે

નવસારી : નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નંબર 13 અંતર્ગત આવેલા દશેરા ટેકરી-તલાવડી વિસ્તારમાં લાંબા સમયથી ચાલતી ડ્રેનેજ લાઈનની ગંભીર સમસ્યા સામે અંતે સકારાત્મક પગલાં લેવામાં આવ્યા છે. વિસ્તારના રહેવાસીઓ છેલ્લા ઘણા સમયથી ગંદા પાણીના ભરાવા, દુર્ગંધ અને આરોગ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. આ મુદ્દે તલાવડી વિસ્તારના રહેવાસીઓએ સ્થાનિક પૂર્વ નગરસેવક વિજય રાઠોડના નેતૃત્વમાં નવસારી મહાનગરપાલિકાના કમિશનર સમક્ષ લેખિત તથા મૌખિક રજૂઆત કરી હતી.

રહેવાસીઓની રજૂઆતને ગંભીરતાથી લઈને નવસારી મહાનગરપાલિકાના કમિશનર દેવ ચૌધરી તથા ડેપ્યુટી કમિશનર જે. યુ. વસાવા દ્વારા તલાવડી વિસ્તારનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ સ્થળ પર હાજર રહી હાલની ડ્રેનેજ વ્યવસ્થા, પાણી ભરાવાની સ્થિતિ અને સ્થાનિકોની મુશ્કેલીઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. નિરીક્ષણ દરમિયાન તાત્કાલિક કાર્યવાહી કરવાની ખાતરી પણ આપવામાં આવી હતી.

મહાનગરપાલિકાના આદેશ અને દેખરેખ હેઠળ આજથી તલાવડી વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈનનું કામ શરૂ કરવામાં આવ્યું છે. ડ્રેનેજ લાઈનનું કામ શરૂ થતા જ સ્થાનિક રહેવાસીઓમાં આનંદ અને સંતોષની લાગણી ફેલાઈ છે. લોકોનું માનવું છે કે આ કામ પૂર્ણ થતાં વરસાદી પાણીના ભરાવા, ગંદકી અને આરોગ્ય સંબંધિત સમસ્યાઓમાંથી કાયમી રાહત મળશે.

# ઉદવાડામાં આધેડને બચાવવા જતાં ટ્રક ડિવાઈડર પર ચડી ગઈ


અમૃત પટેલ

પારડી :પારડી તાલુકાના બગવાડા ખાડી ફળિયામાં રહેતા 55 વર્ષીય ઈશ્વરભાઈ છોટુભાઈ નાયકા શુક્રવારે ઓરવાડ રામદેવ ઢાબા સામેથી હાઈવે ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન વાપીથી સુરત તરફ જઈ રહેલી ટ્રક (નંબર HR-62-A-7134) ના ચાલકે અચાનક સામે આવેલા આધેડને બચાવવા માટે પૂરો પ્રયાસ કર્યો હતો. બ્રેક મારતા સમયે ચાલકે કાબુ ગુમાવતા ટ્રક હાઈવેના ડિવાઈડર પર ચડી ગઈ હતી, ઈશ્વરભાઈ ટ્રકની અડફેટે આવી જતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા નેશનલ હાઈવે ઓથોરિટીની એમ્બ્યુલન્સે ઈજાગ્રસ્ત આધેડને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે પારડીની કુરેશી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# નવસારીમાં ભવ્ય રીતે ઉજવાયો ‘વીર બાળ દિવસ’



નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા આજરોજ ટાઉન હોલ ખાતે શીખ ધર્મના દસમા ગુરુ શ્રી ગુરુ ગોવિંદસિંહજીના પુત્રો સાહિબજાદા જોરાવર સિંહ અને સાહિબજાદા ફતેહ સિંહના અદ્વિતીય બલિદાન અને શૌર્યની સ્મૃતિમાં ‘વીર બાળ દિવસ’નો કાર્યક્રમ યોજાયો હતો. નાની વયે ધર્મ અને સત્યની રક્ષા માટે પ્રાણોત્સર્ગ કરનાર સાહિબજાદાઓની શહાદતને સ્મરણ કરતા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકો અને યુવાઓમાં સાહસ, શૌર્ય અને રાષ્ટ્રભક્તિની ભાવના વિકસાવવાનો રહ્યો હતો. આ કાર્યક્રમમાં નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, નવસારી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર, સંગઠનના પ્રમુખ, મુખ્ય વક્તા વૈશાલીબેન પારેખ તેમજ શાળાઓના ૯૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. મ્યુનિસિપલ કમિશનરે સાહિબજાદાઓની શહાદતની ઐતિહાસિક ઘટના અને તેના મહત્ત્વ પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમના અંતે શિક્ષણ અને રમતગમતના ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર શહેરના ૪૦૦ બાળકોને પ્રમાણપત્રો તથા સ્મૃતિચિહ્નરૂપે મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારોહ દરમિયાન દિલ્હીથી જીવંત પ્રસારિત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમનું દર્શન પણ કરાવવામાં આવ્યું હતું.

# નવસારીમાં દિવસે ગરમી અને સવાર-સાંજે ઠંડકનો અહેસાસ

નવસારી : નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU) દ્વારા જાહેર કરાયેલા હવામાન અહેવાલ મુજબ તા. 25 અને 26 ડિસેમ્બર 2025 દરમિયાન નવસારી જિલ્લામાં હવામાન સામાન્ય રીતે સ્થિર અને શુષ્ક રહ્યું હતું. બંને દિવસ દરમિયાન દિવસના સમયે હળવી ગરમી જ્યારે સવાર અને રાત્રિના સમયે ઠંડકનો અનુભવ થયો હતો.

તા. 25 ડિસેમ્બરના રોજ જિલ્લામાં મહત્તમ તાપમાન 31.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે ન્યૂનતમ તાપમાન 16.8 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. તે જ રીતે, તા. 26 ડિસેમ્બરના રોજ મહત્તમ તાપમાન થોડું ઘટીને 31.0 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે ન્યૂનતમ તાપમાન 16.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ હાલ હવામાનમાં મોટા ફેરફારની શક્યતા ઓછી છે. આ સ્થિર હવામાન પરિસ્થિતિ ખેતી, બાગાયત તેમજ દૈનિક જીવન માટે અનુકૂળ સાબિત થઈ રહી છે.

કેવી રીતે ભણશે ગુજરાત - શાળાના બાળકોને પાઠ્ય પુસ્તકો, શિષ્યવૃતિ, ગણવેશ સહાય આપવા રજૂઆત

# વિદ્યાર્થીઓને બીજા સત્રના પુસ્તકો આપ્યા નથી

**વાંસદા** તાલુકાના સરપંચો દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું


નિલેશ કાપડીયા

વાંસદા : વાંસદા તાલુકાના સરપંચો દ્વારા વાંસદા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી જણાવ્યા મુજબ વાંસદા તાલુકાના તમામ ગામે બાલવાટીકા તથા ધોરણ ૧ અને ધોરણ-૨ ના વિદ્યાર્થીઓને બીજા સત્રના પાઠ્ય પુસ્તકો આપવામાં આવ્યા નથી. અને આજદિન સુધી વિદ્યાર્થીઓ કઈ પરિસ્થિતીમાં છે તે બાબતે તંત્ર દ્વારા કોઈ દરકાર લેવાતી નથી. સરકાર શિક્ષણ જેવી ગંભીર બાબતને પણ ધ્યાને લેતી નથી. અને પ્રોગ્રામોમાં વધુ રસ દાખવી રહી છે. સરકાર ખાનગી સ્કુલોને મહત્વ આપી ગરીબ બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરી રહી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. તંત્ર પોતાના સ્વાર્થના કામમાં એટલું વ્યસ્ત રહે છે કે જેના કારણે વિદ્યાર્થીઓના ભવિષ્યને મોટુ નુકસાન થઈ રહ્યું છે. સરકાર શિક્ષણની બાબતે મોટા બણખા ફુકી મોટા બેનરો મૂકી ભણશે ગુજરાત રમશે ગુજરાત જેવી વાતો કરી ગલ્લા તલ્લા કરી રહી છે. અને ખાનગી સ્કૂલોના મેળાપી પણમાં મળી ગરીબ બાળકોનું શોષણ કરી રહી છે. જેમાં સરકાર બાલવાટીકા માટે પ્રવેશ ઉત્સવની ધામધુમથી ઉજવણી તો કરાવે છે પરંતુ બાલવાટીકાને ગણવેશ અને શિષ્યવૃતિ જ આપવામાં આવતી નથી. આમ શિક્ષણની ખરી નીતી અપનાવવામા સરકાર નિષ્ફળ સાબિત થઈ રહી છે. જે સંજોગોમા વાંસદા તાલુકાના સરપંચો દ્વારા વાંસદા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. અને હાલની સરકાર ઘોર નિદ્રામાંથી જાગી સાચી શિક્ષણ નીતીને ઝડપી અમલમાં નહીં લાવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આગળની કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

Central Bank of India
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
રીજનલ ઓફિસ : ૧લો માળ, નરીમાબાદ, અઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧-૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

ઈ-હરાજી થી વેચાણ નોટીસ
(સરફેસી એક્ટ - ૨૦૦૨ હેઠળ)
(પરિશિષ્ટ-૪(એ) (નિયમ ૮(૬) જુઓ)

તા. ૩૦.૦૧.૨૦૨૬ ના રોજ સ્થાવર મિલકતની વેચાણ થી વેચાણ નોટીસ

ધી સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે નિયમ ૮(૬) સાથે વંચાતી ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોનું ઈ-હરાજીથી વેચાણ નોટીસ.

નોટીસ આમ સામાન્ય રીતે જાહેર જનતાને આપવામાં આવે છે અને ખાસ કરીને ઉધારકર્તા(ઓ) / જામીનદારો (ઓ)ને આપેલ છે, નીચે જણાવેલ સ્થાવર મિલકતો, સુરક્ષિત ક્રેડીટ ધારક બંધારણીય / ચાર્જ કરાઈ છે. તેના પર **કબજો** લેવામાં આવે છે. **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**ના અધિકૃત અધિકારીએ બેંકના બાકી રકમની વસૂલાત માટે તા. ૩૦.૦૧.૨૦૨૬ ના રોજ **“જેમ છે ત્યાં છે” “જેમ છે તે છે” અને “ત્યાં જે છે ત્યાં”** ધોરણે અને ઓનલાઈન વેબપોર્ટલ હેઠળ : https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.) વેચવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડી અને અન્ય વિગતો નીચે જણાવેલ કોષ્ટકમાં આપેલ છે. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે સિક્યોર્ડ ક્રેડીટરએ કૃપા કરીને અમારી વેબસાઈટ : www.centralbankofindia.co.in થી માહિતી મેળવી શકશો.

નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત

| અ. નં. | કરજદાર / જામીનદાર અને શાખા નું નામ | ૧૩(૨)નોટીસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતોની વિગત | પઝેશનની તારીખ અને પ્રકાર | અનામત કિંમત રૂા./ ઈએમડી રૂા./ બીડ ગુણાંકમાં રૂા | અધિકૃત અધિકારીનું નામ અને શાખાનું સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સુજીતકુમાર કેદારનાથ ગુપ્તા (કરજદાર), શ્રીમતી રાગિની સુજીતકુમાર ગુપ્તા (સહ-કરજદાર) (પાલ શાખા) | રૂા. ૧૦,૬૫,૫૨૮/- તા. ૨૯.૦૨.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. ૪૩, આશરે ક્ષેત્રફળ ૪૮.૦૦ સ્કે. મીટર, સિલીકોન રેસીડેન્સી, મોજે-જોળવા, તાલુકા-પલસાણા, જિ. સુરત-૩૯૪૩૦૫ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા:● પુર્વે :** સોસાયટી નો ઈન્ટરનલ રોડ, ● **પશ્ચિમે :** પ્લોટ નં. બી/૪૩, ● **ઉત્તરે :** પ્લોટ નં. ૪૨, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૪૪. | ૨૩.૧૦.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો | રૂા. ૬,૦૦,૦૦૦/- <br> રૂા. ૬૦,૦૦૦/- <br> રૂા. ૧૦,૦૦૦/- | શ્રી ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૨. | શ્રી રમેશભાઈ પંચાભાઈ ભરવાડ (કરજદાર) (અડાજણ શાખા) | રૂા. ૨૫,૪૬,૧૫૮.૦૩ તા. ૧૨.૧૨.૨૦૨૩ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. બી/૨૪/એ, પૈકી, પુર્વ બાજુનો અડધો ભાગ, શિવ આવાસ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી વિભાગ-૨, કામરેજ, સુરત, ક્ષેત્રફળ ૪૩.૪૫ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૫૨.૦૦ સ્કે. યાર્ડ, ડેવલોપોડ જમીનનો આર.એસ નં. ૪૭૬ અને ૪૭૭, બ્લોક નં. ૪૪૩ અને ૪૪૪, તાલુકા-કરંજ, મોજે ગામ-કામરેજ, જિ.સુરત ગુજરાત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા:● પુર્વે :** પ્લોટ નં. બી/૨૩, ● **પશ્ચિમે :** પ્લોટ નં. બી/૨૪ પૈકી, ● **ઉત્તરે :** રોડ થી સંકળાયેલ, ● **દક્ષિણે :** રોડ થી સંકળાયેલ. | ૦૯.૦૯.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૧૩,૬૦,૦૦૦/- <br> રૂા. ૧,૩૬,૦૦૦/- <br> રૂા. ૧૦,૦૦૦/- | બ્રજેશ તિવારી ચીફ મેનેજર, અડાજણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૬૭૮૮૩૮૫૯ |
| ૩. | શ્રી ભાવેશભાઈ દિનેશભાઈ ડોમાડીયા (કરજદાર), શ્રીમતી રીતાબેન ભાવેશભાઈ ડોમાડીયા (સહ-કરજદાર) (વરાછા શાખા) | રૂા. ૮,૨૧,૩૫૩/- તા. ૨૯.૦૨.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | ૧) જે મિલકતનો ફ્લેટ નં. ૪૦૩, ચોથો માળ, ક્ષેત્રફળ ૫૪૫ સ્કે.ફીટ યાને કે ૫૦.૬૫ સ્કે.મીટર સુપર બિલ્ટ અપ એરીયા અને ૩૬૬.૨૭ સ્કે. ફીટ યાને કે ૩૪.૦૪ સ્કે.મીટર બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગની જમીન, પ્લાન મુજબ રોડ અને પાર્કિંગનો ક્ષેત્રફળ ૧૮.૪૯ સ્કે.મીટર અને ૨.૦૭ સ્કે.મીટર સી.ઓ.પી., કુલ ૨૦.૫૬ સ્કે.મીટર, બિલ્ડીંગ નં. ઈ/૧, ભક્તિધારા રેસીડેન્સી, જે સ્થિત જમીનનો સર્વે નં. ૫૬, ૫૭, ૫૯ પૈકી, બ્લોક નં. ૧૩૦, ગામ-સાયણ ગોથાણ, સબ જિ. ઓલપાડ, સુરત-૩૯૪૧૩૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા:● પુર્વે :** બિલ્ડીંગ નં. ઈ/૨, ● **પશ્ચિમે :** ફ્લેટ નં. ઈ/૧-૪૦૪, ● **ઉત્તરે :** ફ્લેટ નં. ઈ/૧-૪૦૨, ● **દક્ષિણે :** ઈન્ટરનલ રોડ. <br> ૧) જે મિલકતનો ફ્લેટ નં. ૪૦૪, ચોથો માળ, ક્ષેત્રફળ ૫૪૫ સ્કે.ફીટ યાને કે ૫૦.૬૫ સ્કે.મીટર સુપર બિલ્ટ અપ એરીયા અને ૩૬૬.૨૭ સ્કે. ફીટ યાને કે ૩૪.૦૪ સ્કે.મીટર બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગની જમીન, પ્લાન મુજબ રોડ અને પાર્કિંગનો ક્ષેત્રફળ ૧૮.૪૯ સ્કે.મીટર અને ૨.૦૭ સ્કે.મીટર સી.ઓ.પી., કુલ ૨૦.૫૬ સ્કે.મીટર, બિલ્ડીંગ નં. ઈ/૧, ભક્તિધારા રેસીડેન્સી, જે સ્થિત જમીનનો સર્વે નં. ૫૬, ૫૭, ૫૯ પૈકી, બ્લોક નં. ૧૩૦, ગામ-સાયણ ગોથાણ, સબ જિ. ઓલપાડ, સુરત-૩૯૪૧૩૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા:● પુર્વે :** બિલ્ડીંગ નં. ઈ/૧-૪૦૩, ● **પશ્ચિમે :** સી.ઓ.પી., ● **ઉત્તરે :** ફ્લેટ નં. ઈ/૧-૪૦૧, ● **દક્ષિણે :** ઈન્ટરનલ રોડ. | ૦૫.૧૦.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો | રૂા. ૭,૮૩,૦૦૦/- <br> રૂા. ૭૮,૩૦૦/- <br> રૂા. ૧૦,૦૦૦/- | શ્રી ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪. | શ્રી હર્ષ કરશનભાઈ પટેલ (કરજદાર), શ્રીમતી રમીલાબેન હરેશભાઈ પટોલીયા (સહ-કરજદાર) (અલથાણ શાખા) | રૂા. ૩૦,૯૧,૫૧૩/- તા. ૦૪.૧૧.૨૦૨૩ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે પ્લોટ નં. ૨૯૮, આશરે ક્ષેત્રફળ ૭૨.૩૪ સ્કે.મીટર, અમૃત વિલા વિભાગ-૧, આર.એસ. નં. ૩૦૬, બ્લોક નં. ૨૮૯, મોજે-કામરેજ, સબ જિ. કામરેજ, જિ. સુરત - ૩૯૪૧૮૫ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા:● પુર્વે :** સોસાયટીનો રસ્તો, ● **પશ્ચિમે :** પ્લોટ નં. ૨૪૩, ● **ઉત્તરે :** પ્લોટ નં. ૨૯૭, ● **દક્ષિણે :** પ્લોટ નં. ૨૯૯. | ૨૬.૦૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | રૂા. ૨૨,૩૫,૦૦૦/- <br> રૂા. ૨,૨૩,૫૦૦/- <br> રૂા. ૧૦,૦૦૦/- | સોની કુમારી ચીફ મેનેજર, અલથાણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૭૪૮૮૪૯૭૫ |
| ૫. | મે. સુમન વીવેસના પ્રોપરાઈટર સરોજ હેમંત પારેખ (સહારા દરવાજા ટેક્ષટાઈલ માર્કેટ શાખા) | રૂા. ૧,૩૯,૭૪,૭૩૨/- તા. ૨૩.૦૯.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો ફ્લેટ નં. એ-૮૦૧, આઠમો માળ, ક્ષેત્રફળ ૨૧૦૦.૦૦ સ્કે. ફીટ યાને કે ૧૯૫.૧૭ સ્કે.મીટર સુપર બિલ્ટ અપ એરીયા અને ૧૨૫૧.૭૬ સ્કે.ફીટ યાને કે ૧૧૬.૩૪ સ્કે.મીટર, બિલ્ટ અપ એરીયા સાથે અવિભાજીત સરખા ભાગના હિસ્સાની જમીન પર બિલ્ડીંગ-એ, નંદનવન, જે સ્થિત બાંધકામ વાળી જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૬૫, રીવીઝન સર્વે નં. ૯૪, પ્રારંભિક ટી.પી. સ્કીમ નં. ૨, ફાઈનલ પ્લોટ નં. ૬૮, ક્ષેત્રફળ ૧૨૪૧૦ સ્કે.મીટર, ગામ-વેસુ, સબ જિ. સિટી સુરત, જિ.સુરત ખાતે આવેલ તમામ હક્ક અને હિસ્સા વાળી મિલકત. **ચતુરસીમા:● પુર્વે :** એન્ટરેન્સ, પેસેજ અને લીફ્ટ, ● **પશ્ચિમે :** ખુલ્લુ આકાશ, ● **ઉત્તરે :** ફ્લેટ નં. એ-૮૦૨, ● **દક્ષિણે :** ખુલ્લુ આકાશ | ૦૫.૧૨.૨૦૨૫ સાંકેતિક કબજો | રૂા. ૭૮,૮૪,૦૦૦/- <br> રૂા. ૭,૮૮,૪૦૦/- <br> રૂા. ૫૦,૦૦૦/- | હિમાંશુ રંજન ચીફ મેનેજર, સહારા દરવાજા ટેક્ષટાઈલ માર્કેટ શાખા, સુરત (મો) :+૯૧-૯૯૦૯૯૪૮૮૭૧ |

નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૨૩.૦૧.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે
ઈ-હરાજીની તારીખ અને સમય : ૩૦.૦૧.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે (બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એક્ટેન્શન સાથે)

- મિલકત પરના કરભાણની બેંકને ખબર હોય તેવી વિગત : ખબર નથી.
- ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.)ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://ebkray.in (PSB Alliance Pvt. Ltd.) ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જુઓ.
- વધુ જાણકારી માટે -સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત, શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮નો સંપર્ક કરી શકશો.
- વેચાણની શરતો અને નિયમો સિક્યોરીટી ઈન્ટરેસ્ટ નિયમો (એન્ફોર્સમેન્ટ), નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ મુજબની જ રહેશે.

સરફેસી કાયદા ૮(૬), ૨૦૦૨ અંતર્ગત ૩૦ દિવસની નોટીસ

સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસૂલાત તરફથી સ્થાવર મિલકતોના વેચાણ માટે ઉધારકર્તા/જામીનદારો/ ગિરવેદારોને સૂચિત કરવામાં આવે છે.

તારીખ : ૨૬.૧૨.૨૦૨૫
સ્થળ : સુરત

(વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.)

સહી/-
અધિકૃત અધિકારી
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા